શ્રી મહાવીર પરમાત્માય નમઃ
પ્રભુશ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરાય નમઃ

ગુરુરામચંદ્ર જ્ઞાનમાલા ૫૬

# વહોરાવવાની વિધિ

લેખક
મુનિશ્રી જયાનંદ વિજયજી મ.

## मुनिराज श्री जयानन्द विजयजी म.सा.
## द्वारा लिखित एवं संपादित पुस्तकें

| | | | |
|---|---|---|---|
| १. | आत्म स्वरुप | हिन्दी | चार गतिके जीवो का स्वरुप |
| २. | मुक्ति पथ के सथी | हिन्दी | तत्त्पत्रयी का स्वरुप |
| ३. | स्वात्म निंदा पच्चीशी | हिन्दी | आत्म निंदा |
| ४. | मुनि जीवननी वातो | गुजराती | साध्वाचार |
| ५. | हित चिंता के मोती | हिन्दी | साध्वाचार |
| ६. | मुक्ति महेलनो राजमार्ग | गुजराती | दान, शील, तप, भाव पर विवेचन |
| ७. | दो प्रतिक्रमण सार्थ | संपादित | तृतीय आवृत्ति |
| ८. | देव वंदन सूत्र सार्थ | संपादित | |
| ९. | मुक्ति का मंगल प्रारंभ | हिन्दी | नियमावली |
| १०. | दो प्रतिक्रमण मूल | हिन्दी | संपादित |
| ११. | भक्तोके उद्गार | हिन्दी | स्तवनादि संग्रह |
| १२. | गागरमें सागर | हिन्दी | संख्या पर संग्रह |
| १३. | सूरि राजेन्द्र वाणी | हिन्दी | संपादित |
| १४. | पथ प्रदर्शक | हिन्दी | सुदेव सुगुरु स्वरुप |
| १५. | प्रगति का प्रथम सोपान | हिन्दी | मार्गानुसारी जीवन |
| १६. | मुक्ति का मंगलद्वार | हिन्दी | नौ तत्त्वो का स्वरुप |
| १७. | चिंतन की रश्मियाँ | हिन्दी | नवकार मंत्र पर चिंतन |
| १८. | जिज्ञासा पूर्ति | गुजराती | शंका समाधान |
| १९. | श्रावक को क्या करना चाहिए? | हिन्दी | संपादित |
| २०. | आदर्श जीवन की चाबियाँ | हिन्दी | संपादित |
| २१. | उपधान विधि | हिन्दी | संपादित |
| २२. | प्रकरण चतुष्य सार्थ | हिन्दी | संपादित |
| २३. | भव्यात्माओ का भोजन | हिन्दी | सज्जाय संग्रह |
| २४. | मुक्ति नगरमां प्रवेश | हिन्दी | पुद्गल वोसिरावयानी विधि |
| २५. | श्री विंशति स्थानक तप विधि | हिन्दी | संपादित |
| २६. | मुनि जीवननो मार्ग | गुजराती | साध्वाचार |
| २७. | प्रभु दरिशन सुख संपदा | हिन्दी | जिनदर्शन पूजन विधि |
| २८. | भव्यात्माओंकी मुक्ति | हिन्दी | सुपात्रदान विधि |
| २९. | भक्तामर स्तोत्र गुरुगुण इक्कीसा स्वात्म नंदा पच्चीशी सह | हिन्दी - गुजराती | |
| ३०. | श्री चम्पाकमाला श्री जगडूशाह श्री कयवन्ना शेठ श्री अघटकुमार चरित्र | संस्कृत | संपादित |

શ્રી મહાવીર પરમાત્માય નમઃ
પ્રભુશ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરાય નમઃ

ગુરુરામચંદ્ર જ્ઞાનમાલા પદ્

# વહોરાવવાની વિધિ

લેખક
મુનિશ્રી જયાનંદ વિજયજી મ.

પુસ્તકનું નામ : વહોરાવવાની વિધિ

પ્રવચનકાર : મુનિશ્રી જયાનંદવિજયજી મ.

દ્રવ્ય સહાયક : દોશી ચમનલાલ ડાયાલાલ તથા
દેસાઈ શાંતિલાલ ઉજમસીભાઈ થરાદવાળા.

પ્રકાશક : ગુરૂ રામચંદ્ર પ્રકાશન સમિતિ
સં. શ્રી સુમેરમલજી કેવળજી નાહર
ભીનમાળ. (રાજસ્થાન)૩૪૩ ૦૨૯

પ્રત : ૫૦૦૦

પુસ્તક પ્રાપ્તિ સ્થાન
**શા. દેવીચંદ છગનલાલ**
સદર બજાર, ભીનમાળ-૩૪૩ ૦૨૯ (રાજ.)

**મુદ્રક : શૈલેષ કીર્તિલાલ વોરા**
બોમ્બે પ્રિન્ટીંગ પ્રેસ
પો. બો. નં. ૧૪૫, એ/૧, જી.આઈ.ડી.સી.,
ગાંધીધામ(કચ્છ) - ૩૭૦ ૨૦૧.
ફોન નં. ૨૦૩૯૧, ૨૧૯૯૧

# ગુરૂવંદન વિધિ

**ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ**
**નિસીહિઆએ મત્થએણવંદામિ.**

(બે વાર બોલવું)

પછી ઉભા થઈને

**ઈચ્છકાર સુહરાઈ (સુહદેવસિ)**
**સુખતપ-શરીર નિરાબાધ**
**સુખસંજમ યાત્રા નિર્વહો છો જી ?**
**સ્વામી શાતા છે જી ?**
**ભાતપાણીનો લાભ દેજો જી...**

(પદસ્થ હોય તો એક ખમાસણો દઈને અબ્ભુટ્ઠિઓ નહી તો એમજ અબ્ભુટ્ઠિઓ ખામવો)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્**
**અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર**
**રાઈયં, (દેવસિઅં) ખામેઉં ?**
**ઈચ્છં, ખામેમિ રાઈઅં, (દેવસિઅં...)**
**જંકિંચિ અપત્તિયં પરપત્તિયં**
**ભત્તે-પાણે વિણએ વેયાવચ્ચે**
**આલાવે-સંલાવે ઉચ્ચાસણે સમાસણે**

**અંતરભાસાએ ઉવરિભાસાએ**
**જંકિચિ મજઝ વિણય-પરિહીણં**
**સુહુમં વા બાયરં વા**
**તુબ્ભે જાણહ અહં ન જાણામિ**
**તસ્સ મિચ્છામિ દુક્કડં ॥**

એક ખમાસણ દેવું. પછી ભાતપાણીનો લાભ દઈ કૃતાર્થ કરશોજી. એમ કહેવું.

---

સુપાત્ર દાન આપનાર વ્યક્તિએ સુપાત્રની ઓળખ મેળવી લેવી જરૂરી છે. સદ્ગુરૂઓની પાસે સુપાત્રોની ઓળખ મેળવી લીધા પછી જે સુપાત્રોની ભક્તિ થાય, સુપાત્રોને ભક્તિપૂર્વક વહોરાવાય તે દાન ઉત્તમ સુપાત્ર દાન કહેવાય.

પાત્ર અશુદ્ધ અને બીજાં સર્વ કારણો શુદ્ધ હોય તો એ સુપાત્ર કહેવાય નહીં.

પાત્ર શુદ્ધિની સાથે ભાવ શુદ્ધિની પણ એટલી જ મુખ્યતા છે હા, ભાવશુદ્ધિ અને પાત્ર શુદ્ધિ હોય પણ કારણવશાત, પ્રસંગોપાત પદાર્થ અશુદ્ધ પણ સુપાત્રદાનમાં આવી શકે છે. પાત્ર અને ભાવ સિવાય દ્રવ્ય શુદ્ધ, કાળ શુદ્ધ અને દાતા શુદ્ધમાં એકાંત નથી.

**- જયાનંદ**

શ્રી ગૌડીપાર્શ્વનાથાય નમઃ

# કેવી રીતે વહોરાવવું

**સવ્વેસિંપિ જિણાણંજેહિં દિણ્ણાઉ પઢમભિકખાઓ,**
**તેયપણું વિજ્જદોસા દિવ્વવર પરક્કમા જાયા ॥ ૩૩૩ ॥**
**કેઈતેણેવ ભવેણ નિવ્વુઆ સવ્વકમ્મઉમ્મુક્કા,**
**અજોતઈય ભવેણ સિજ્જિઝસાંતિજિણ સંગાસે. ॥ ૩૩૪ ॥**
**આવશ્યકનિર્યુક્તિ પત્રાંક ॥ ૧૪૭ ॥**
**સમાધાન કી રાહપર પૃ. ॥ ૧૧૯ ॥**

સર્વ જિનેશ્વર ભગવંતોને પ્રથમ ભિક્ષા આપનારાઓએ પોતાના દોષોનું ઉન્મૂલન કરીને દિવ્ય પરાક્રમ કર્યું, એમાં કેટલાંએ ભવ્યાત્માઓએ એજ ભવમાં સર્વકર્મથી મુકત થઈને મુકિત પદને પ્રાપ્ત કર્યું અને કેટલાક ત્રીજાભવમાં જિનેશ્વર ભગવંતોની પાસે સિદ્ધિપદને પ્રાપ્ત કરશે.

સુપાત્રદાનમાં રત્નપાત્રની ભકિતનું અનુપમ ફળ આવશ્યક નિર્યુકિત કારેં દર્શાવીને સુપાત્રદાનની મહત્તા બતાવી છે. સુપાત્રદાન આપનાર ભવ્યાત્મા એ જ ભવમાં મુકિત મેળવી શકે છે. આગમોં માં સુપાત્રદાન આપનાર આત્માઓના અનેક ઉદાહરણોં આ બાબતને પુષ્ટ કરે છે. ભવિતવ્યતા પરિપક્વ ન થઈ હોય તો સુપાત્રદાન ના ફળ રૂપે એ આત્માઓ દેવોના અને મનુષ્યોના ભૌતિક સુખો આસકિત ભાવવગર ભોગવે છે અને પ્રાંતે મુકિત સુખને પ્રાપ્ત કરે છે. એ ફળ એ આત્માઓને જ મળે છે. જેઓએ વિધિપૂર્વક સુપાત્રદાન આપ્યું હોય.

સાંસારિક પ્રત્યેક કાર્યમાં જેમ વિધિની આવશ્યકતા છે.

તેમ ધાર્મિક દરેક ક્રિયામાં વિધિની આવશ્યકતા છે જ. વિધિ-પૂર્વક આપેલું સુપાત્રદાનજ એના પરિપૂર્ણ ફળને પમાડે છે.

**સુપાત્રદામાં નિચેની બાબતો મુખ્ય છે.**

જે દાન અપાય તે દાન, શ્રદ્ધાપૂર્વક અપાવું જોઈએ. શકિત અનુસાર આપવું જોઈએ, ભકિતભાવની શુદ્ધતા હોવી જોઈએ જ્ઞાનપૂર્વક એટલે દાનના મહત્ત્વને સમજેલો હોવો જોઈએ. દાન આપવાના સમયે સાંસારિક ઈચ્છા ન હોવી જોઈએ. આવી રીતે અપાયેલું દાન જ કર્મક્ષયમાં નિમિત્તભુત બને છે.

શ્રીયતીન્દ્રસૂરીશ્વરજી મ.સા.એ યતીન્દ્ર પ્રવચન હિન્દીમાં લખ્યું છે કે **"જો દાન હર્ષાશ્રુભર નેત્ર, પ્રફુલ્લિત-વદન, સન્માન, હાર્દિક-પ્રેમ સહ નિષ્કામ-ભાવસે સેદિયા જાતા હૈ વહી દાન શોભાસ્પદ હૈ । જિસમે આનંદ, પ્રેમ, અનુમોદન ઔર સત્કારકા અભાવ હો વહ દાન દૂષિત કહા જાતા હૈ."**

આ પ્રમાણે દાન આપવામાં આ બાબતોને મુખ્ય સ્થાન આપવું જોઈએ. એજ દાનના વાસ્તવિક અને પૂર્ણફળને આપનાર બને છે.

જે પદાર્થદાનમાં આપવો છે તે પદાર્થ ન્યાયમાર્ગથી મેળવેલ હોવો જોઈએ. એ શુદ્ધ નિર્દોષ હોવો જોઈએ. સાધુઓના માટે બનાવેલો ન હોવો જોઈઅ. આહાર વહોરાવતી સમયે ભાવના સ્વાર્થ ભરેલી ન હોવી જોઈએ. ગોમરીના સમયમાં જ બોલાવવા જવું આમંત્રણ આપવું અને રાહ જોવી જેથી વહોરાયા વગર પણ વહોરાવ્યાનો લાભ મળે.

# આહાર વહોરાવવાની વિધિ

શ્રાવક સવારમાં જિનમંદિર દેરાસર દર્શન કરવા જાય ત્યારે ઉપાશ્રયમાં સદ્ગુરુ ભગવંત બિરાજમાન હોય તો વંદન કરવા માટે અવશ્ય જાય. અને ગુરૂ ભગવંતને બે ખમાસમણા. ઈચ્છકાર. પદસ્થ હોય તો એક ખમાસમણ દેવું. અને પદસ્થ ન હોય તો સીધો અબ્ભુટ્ઠિઓ ખામવાનો પછી એક ખમાસમણ દેઈ એમની પાસે પચ્ચક્ખાણ લેવું અને પાછું એક ખમાસમણ દેવું.

ઈચ્છકાર સૂત્રમાં ભાત પાણીનો લાભ દેશોજી એમ કહ્યું છે એ પછી જતી વખતે ગુરૂદેવને પાછી વિનંતિ કરે પ્રાર્થના કરે કે ગુરૂદેવ ભાતપાણીનો લાભ આપીને મને કૃતાર્થ કરશોજી. ગોચરીનો સમય થઈ ગયો હોય તો ગુરૂદેવની સાથે ચાલે. શ્રાવકોના ઘરો બતાવે પોતાના ઘરે આવવા માટે પ્રાર્થના કરે પણ "મારા ઘરે આવવું જ પડશે" એમ ન બોલે. ગોચરીનો સમય ન થયો હોય તો વિનંતિ કરીને ઘરે જાય.

શ્રાવકનું ઘર ભોજન કરવાના સમયમાં ખુલ્લું રહેવું જોઈએ. આગમકારોંએ શ્રાવકની વ્યાખ્યામાં શ્રાવકને ભોજનના સમયે દ્વાર બંધ ન કરવું એમ લખ્યું છે. શ્રાવકના ઘરના દરવાજા ઓટોમેટિક તો હોવા જ ન જોઈએ. જ્યાં જ્યાં એવા દ્વારો છે, ત્યાં ત્યાં તો વગર લખ્યે "નો એડમિસન ફોર સાધુ" મુનિયોં માટે પ્રવેશ બંધ" લખાઈ ગયું છે. કારણકે મુનિયોં કાંઈ એ દ્વારો ખોલીને અંદર આવવાના નથી. મુનિયો કાંઈ બેલ વગાડવાના નથી. જાલીનું દ્વાર પણ લગાડવું પડતું હોય તો સાંકળ લાગેલી ન હોવી જોઈએ. અટકાવેલ દ્વારને ખોલીને મુનિભગવંત ધર્મ લાભ આપીને શ્રાવકના બોલાવ્યા પછી અંદર આવી શકે છે.

ગોચરીના સમયમાં સદ્ગુરુ ભગવંત શહર, નગર, ગામથી

અપરિચિત હોય અથવા પરિચિત હોય તો પણ. શ્રાવકે સાથે જવું જાઈએ. પુજારી, નોકર આદિને સાથે મોકલવો અવિનય આશાતના છે. શ્રાવકોના ઘરો બતાવી દેવા. ગુરૂદેવોની શાસ્ત્રીય દ્રષ્ટિ જ્યાં જવા માટે કહેતી હશે ત્યાં જશે.

શ્રાવકે ચા નાસ્તો અને ભોજન કરવાની પૂર્વે મુનિભગવંતો ગામમાં હોય કે ન હોય તો પણ રોજ બે પાંચ મિનિટ સુધી રાહ જોવી જોઈએ. ઘરના દરવાજે આવી બે બાજુ જોવું જોઈએ કે કોઈ મહારાજ પધારે તો એમને વહોરાવીને પછી હું વાપરું. બે મિનિટ રાહ જોવાથી મહારાજને વહોરાવવા જેટલો લાભ મળે છે. જીરણ શેઠનું દ્દષ્ટાંત વિચારવું.

ગૃહસ્થ ઘરમાં હોય, મહારાજ ગોચરી માટે આવ્યા હોય. એમણે બહારથી "ધર્મલાભ" કહ્યો હોય એ શબ્દ સાંભળતાં જ જે ઘરમાં હોય એણે જયણાપૂર્વક (દોડતા નહી) સામે આવીને કહેવું જોઈએ "પગલાં કરો, પધારો. લાભ આપો. આમાંથી કોઈ પણ શબ્દથી એમને આવકાર પૂર્વક આમંત્રણ આપવું જોઈએ. કદાચ રસોડામાં વહું હોય બોલવામાં સંકોચ હોય. તો ઉઠીને બહાર આવીને હાથ જોડીને મૌનપૂર્વક પણ આમંત્રણ આપવું જોઈએ.

જો વડીલ મહારાજ ગોચરી આવ્યા હોય તો એક વખત ગહુંલી કાઢવી જોઈએ. ગામમાં પ્રવેશ કર્યો ત્યારે જ ગહુંલી કાઢી હતી એ શાસન પ્રભાવના માટે હતી. અને ઘરમાં પગલાં કરે ત્યારે ગહુંલી કાઢવી એ અંતરંગ ભકિત છે. કદાચ બીજા સાધુઓ ગોચરી આવતા હોય તો વડીલ મહારાજ ને એક વખત આમંત્રિત કરી અવશ્ય ગહુંલી કાઢી શ્રીફળાદિ મુકવું જોઈએ.

રસોડામાં એક પાટલો રહેવો જ જોઈએ. મહારાજ પધારે ત્યારે પાટલો અને તે ઉપર થાળી મુકવી જોઈએ. પછી મુનિભગવંત પધાર્યા હોય અને શ્રાવક ઘરે હોય તો શ્રાવકે પોતે વહોરાવવું જોઈએ. અને સાધ્વીજી પધાર્યા હોય તો શ્રાવિકાએ

વહોરાવવું જોઈએ. મુખ્ય નિયમ એ રાખવો જોઈએ પછી અનુકુળ તાએ બધા વહોરાવી શકે છે.

ઘરમાં જે જે પદાર્થ હોય એ પદાર્થો સામે લાવી બતાવીને કહેવું મહારાજ આ વહોરીને લાભ આપો. એમને જેનો ખપ હશે એ વહોરશે. એ સમયે આમ તો ન જ પુછવું. શું ખપે છે ? દૂધ લેશો ? ચા લેશો ? રોટલો લેશો ? એમ પૂછવું એમની આશાતના અવિનય છે. એ સ્થાને દૂધ વહોરી લાભ આપો, રોટલી વહોરી લાભ આપો એમ બોલવું જોઈએ. વહોરાવવા માટે પદાર્થોનો ક્રમ વિચારીને પછી વહોરાવવું જેમકે સહુથી પહેલાં ઘરમાં મિઠાઈ હોય તો મિઠાઈ વોહરાવવી પછી બદામ આદિ મેવો, ફળ, દૂધપાક, દૂધ રોટલી, ખીચડી, ભાત, શાક, દાળ, ફરસાણ પાપડ આદિ. આ ક્રમથી વહોરાવવા ખપ કરવો. બે ચાર જાતની મિઠાઈ હોય તો એમાં પણ પ્રથમ જે ઉત્તમ હોય એ પ્રથમ વહોરાવવી.

ગુરૂમહારાજને તપશ્ચર્યાનું પારણું હોય અને ગૃહસ્થના ઘરે પણ કોઈને પારણું હોય તો પ્રથમ સૂંઠ, અજમો, પીપરામૂલ, સીરો, મગ, ફળોનો રસ, દૂધ, પેજી. મગનું પાણી આદિ ક્રમ અપનાવવો. શાક રોટલી પછી. તપશ્ચર્યાના પારણા સિવાય તો દૂધ, દાળ, શાક, આદિ પછી વહોરાવવા જાઈએ કે જેથી છાંટો ન પડે અને જો છાંટો પડી જાય તો બીજી વસ્તુ વહોર્યા વિના ચાલ્યા જાય. લાભ ન મળે એ માટે તરલ પદાર્થ પછી વહોરાવવા ખપ કરવો. સવારના ગોચરીમાં પ્રથમ દૂધ પછી ચાય પછી ખાખરા આદિ વહોરાવવાં. પદાર્થ વહોરાવવા માટે ભાવપૂર્વક આગ્રહ કરવો. પણ એમને ઈચ્છા અને આવશ્યકતાથી વધારે પાત્રામાં નાખી ન દેવું. એમ કહી શકાય છે કે "મહારાજ આ પદાર્થ અમારા ઘરમાં વિપુલ પ્રમાણમાં છે આપ વહોરો અમને લાભ આપો." પદાર્થ થોડો જોઈને મુનિમહારાજ ન વહોરતા

હોય તો એમ કહી શકાય કે "મહારાજ આપ વહોરો અમે બીજો નહી બનાવીએ આપને દોષ લાગવા નહી દઈએ" એમને આવશ્યક લાગશે તો વહોરશે. પછી જો મહારાજ વહોરે તો શ્રાવકે એ પદાર્થ વગર ચલાવી લેવું. અસત્ય ન બોલવું. ત્યારે જ લાભ મળે છે.

મહારાજને વહોરાવવાની ભાવના બધાઓની હોવી જોઈએ પણ એ સમયે પડાપડી ન કરવી. વિવેક પૂર્વક વહોરાવવું. પદાર્થને અથવા વહોરાવનારના હાથને સ્પર્શ કરીને પણ વહોરાવવાની ભાવનાને સફળ કરી શકાય છે.

મહારાજ ! મહારાજને વહોરાવી દેજે, હવે તમે જ વહોરાવી લોને એમાં મારૂં શું કામ છે. ઈત્યાદિ બોલવું એ અજ્ઞાનતા અને અવિવેકતા સુચવે છે. આશાતનાના ફળ કટુ હોય છે. પદાર્થ વહોરાવ્યા પછી ધન્યતાનો અનુભવ કરવો જોઈએ. ચંદનબાળાએ અડદના બાકુળા જ વહોરાવ્યા હતા. પણ ધન્યતાના અનુભવે જ ઉચ્ચ કોટીનો લાભ મેળવ્યો હતો. દાનના આનંદાનુભવથી જ ધન્ના શાલીભદ્ર કયવન્નાશેઠ આદિના આત્માઓએ ભૌતિક અને આત્મિક સુખને મેળવ્યું છે. ભાવ અને વિધિનું સતત ધ્યાન રાખવું જોઈએ.

સાધુઓના નિમિત્તે આહાર બનાવીને વહોરાવવા માટે આગમકારોએ જે વાત કહી છે તે અભિધાન રાજેન્દ્ર કોષના નિમ્ન પાઠથી જોઈ લઈએ.

સંથરણંપિ અસુદ્ધં દોણ્હવિગિણ્હત દિયાણ અહિયં.
આઉર દિટ્ઠંતેણં, તં ચેવ હિયં અસંથરણે. ૭૭૬

અ. રાજેન્દ્ર કોષ ભાગ ૪ પૃ. ૧૬૯૦

શુદ્ધ આહારની પ્રાપ્તિ જે સમયે થતી હોય એ સમયમાં અશુદ્ધ આહાર સાધુઓને વહોરાવવાથી અન એ આહાર વહોરવાથી બન્નેનું અહિત થાય છે. અને એજ ગ્લાનાદિ

અવસ્થામાં બન્ને માટે હિતકર છે.

આ વકતવ્યથી સ્પષ્ટ થઈ જાય છે કે નિષ્કારણ સાધુઓને નિમિત્ત બનાવીને આહાર તૈયાર કરી એમને વહોરાવવો એ અશુભ કર્મ બંધનું કારણ છે. અહિત કરનાર છે.

શ્રાવકે પોતાના માટે દૂધ-ચાય આદિ ચૂલ્હા ઉપર મુકી છે. અને પડોશીના ઘરે ધર્મલાભનો આવાજ સાંભળી મુનિયોને વહોરાવવા માટે દૂધ ચાય આદિ નીચે લેવા દોષનું કારણ છે. સાધુઓ માટે અને સાધુ શ્રાવક બન્નેને માટે સ્પેશ્યલ આહાર તૈયાર કરવું, પોતાના માટે થતાં આહારમાં મુનિઓ માટે વધારો કરવો, બનેલા આહારને સાધુઓને વહોરાવવા માટે સ્વાદિષ્ટ બનાવવો, શુદ્ધ આહારને અશુદ્ધ આહારથી મિશ્રિત કરવો, વહોરાવવા માટે પદાર્થ અલગ રાખવો, વિવાહાદિ કાર્યોમાં સાધુઓના માટે આગળ પાછળ કરીને આહાર વહોરાવવો, દીપક, લાઈટ, બેટરી આદિનો પ્રકાશ કરીને પદાર્થ લાવી વહોરાવવું, સામે લઈ જઈને વહોરાવવું, તાળુ કબાટ, માટી આદિ ખસેડીને આહાર વહોરાવવો. મેડી, ભોંયરા આદિ સ્થાનો પરથી લઈને વહોરાવવો. બીજાનો પદાર્થ ઝુંટવીને વહોરાવવો, મંડળીની રજા વગર વહોરાવવો, પાણીની માટલી પર, વનસ્પતિ પર, મસાલાના ડબ્બા ઉપર અનાજ પર રાખેલો કે બીજી સચિત્ત વસ્તુ ઉપર પડેલો કે એનાથી સ્પર્શિત પદાર્થ વહોરાવવો, છાંટા પડતાં વહોરાવવો દોષનું કારણ છે. અશુભ કર્મ બંધનું કારણ છે. અને ગ્લાનાદિ અવસ્થામાં આ રીતે પણ આહાર વહોરાવવો અને વહોરવો તેય લાભનું કારણ છે.

આહાર વહોરાવ્યા પછી કે પહેલાં સચિત પાણીથી હાથ ન ધોવા જોઈએ. આઠ વર્ષથી ઓછી ઉમરવાળાએ, જેના હાથપગ કંપે છે એવાઓએ, આંખથી ન દેખાતું હોય અથવા ઝાંખુ દેખાતું હોય એણે, તાવથી પીડિત ગલત કુષ્ટવાળાએ, હાથ પગથી રહિત,

બેડીથી બંધાએલા એ નવમાં મહિનાવાળી બાઈએ, સ્તનપાન કરાવતી બાઈએ ભોજન બનાવનારીએ, છાસ બનાવનારીએ, ઘઉં આદિ સચિત્તપદાર્થ સાફ કરવાવાળીએ, કપડાં ધોનારીએ, વાસણો માંજનારીએ, ઝાડુ કાઢવાવાળીએ, લાઈટનું બટન દબાવનારીએ, પાણી ભરવાવાળીએ, નળ ટાંકી આદિ જળને સ્પર્શ કરનારીએ, જેના કપડા ભિજેલા હોય એણે, નાહીને તરતજ, હાથ ધોઈને તરતજ એવી વ્યકિતઓએ જીવ વિરાધના કરેલી હોવાથી એ એ સમયે અસુઝતા ગણાય છે. એમણે વહોરાવવાની ક્રિયા ન કરવી જોઈએ. સચિત્ત પદાર્થને અડકેલા વ્યકિતએ બીજા પદાર્થને કે જે વહોરાવવા યોગ્ય છે એને ન અડવું જોઈએ. જો એ, એ પદાર્થને અડી જાય તો એ પદાર્થ પણ અસુઝતો થઈ જાય. જેમ કરંટ લાગેલા વ્યકિતને કોઈ અડકે તો એને પણ કરંટ અસર પહોંચાડે છે એમ એ પદાર્થ પણ અસુઝતો (નહી વહોરાવવા યોગ્ય) થઈ જાય છે.

ગર્ભવતી બાઈને છેલ્લો માસ ચાલતો હોય તો મુનિરાજ આવે ત્યારે એ બેઠી હોય તો એને એની પાસે વહોરાવવાની કોઈ વસ્તુ હોય તો એ બેઠી બેઠી વહોરાવી શકે છે. એને કોઈ પદાર્થ લાવી આપે તો પણ એ બેઠી બેઠી વહોરાવી શકે છે. બાળક, વૃદ્ધ, અંધ આદિનો હાથ પકડીને કોઈ વહોરાવે તો એ પણ વહોરાવી શકે છે.

સચિત્તને સ્પર્શિત વ્યકિતને સમય થઈ ગયો હોય. મહારાજ આવવા પહેલાં એણે પોતાના ઘર કાર્ય માટે હાથ વિગેરે સાફ કરી લીધાં હોય તો એ વહોરાવી શકે છે. જેમ કે પોતાના કાર્ય માટે લાઈટ કરી એ સમયે મુનિભગવંત પડોસીના ઘેર હતા અને પછી મહારાજ પધાર્યા ત્યારે એ બાઈએ સ્વીચને સ્પર્શ ન કર્યો હોય તો એ વહોરાવી શકે છે એમ બને સમજી લેવાનું.

શ્લેષ્માદિથી હાથ ખરડાએલાં હોય, એંઠા હાથ હોય તોપણ

ન વહોરાવવું, ફ્રીજમાં પડેલો ફ્રીજમાંથી બહાર કાઢેલો અને ફ્રીજ ઉપર પડેલો પદાર્થ પણ ન વહોરાવવો.

આહાર જે પાત્રમાં છે એ પાત્ર આઘો પાછો કરી શકાતો હોય તો એ પાત્રમાંથી જ આહાર વહોરાવવો બીજા પાત્રમાં લઈને નહી. એ પાત્ર મોટું હોય તો બીજા પાત્રમાં લઈને વહોરાવે એ સમયે એ પાત્રમાં થોડો પદાર્થ રહેવા દેવો. કદાચ બધો વહોરાવી દીધો હોય તો એ પાત્રને ગૃહસ્થે પોતાના ઉપયોગમાં લઈને પછી ધોવા મુકવું જોઈએ. તરલ પદાર્થના છાંટા ન પડે એ રીતે એ આહાર વહોરાવવો. શાકર, લાડુ, ગોળ આદિ પદાર્થના દાણા-કણિઓ નીચે ન પડે એ રીતે વહોરાવવું. મિઠાઈ આદિ જે પદાર્થ વહોરાવવો હોય એ થાળી આદિમાં વધારે પ્રમાણમાં લાવવા. એક મહારાજ ગોચરી ગયા ત્યારે એક જ ઘરથી ૩૨ લાડવા વહોરી લાવ્યા. તો એ વ્યકિતએ કેટલાં લાડવા લાવ્યા હશે. મહારાજ એક વહોરશે એટલે ડબામાંથી એક જ લાડવો લાવવો એ વિધિ બરોબર નથી. ચાલે ત્યાં સુધી તો એ ડબ્બો જ લાવવો નહીતર થાળીમાં વધારે પ્રમાણમાં લાવવાં જોઈએ.

રસોઈ બની હોય કે ન બની હોય તો પણ ઘેર પધારેલા મહારાજને "પધારો" "પગલાં કરો" એમજ કહેવું. પછી ઘરમાં જે કોઈ ઘી, શાકર, ખાખરો આદિ તૈયાર હોય એ પદાર્થ વહોરી લાભ આપવા પ્રાર્થના કરવી પણ એમ ન કહેવું કે "મહારાજ જોગ નથી" અથવા "થોડી વાર પછી પધારજો" આદિ વાકયો ન કહેવા.

શ્રાવકે ગરમપાણી રોજ વાપરવું જોઈએ. જેથી મહારાજને શુદ્ધ પાણી વહોરાવવાનો લાભ મળી શકે. પાણી ત્રણ ઉકાળાથી પુરેપુરુ ઉકાળવું જોઈએ. ગામમાં મહારાજ પધાર્યા અને કોઈ ગરમ પાણી પીનાર નથી તો સહુથી પહેલાં ગરમપાણીની વ્યવસ્થા

કરવી જોઈએ. પાણી પંખાની નીચે ઠંડુ કરવા માટે મુકવાથી એ પાછું સચિત્ત બની જાય છે.

મહારાજ ગોચરી માટે આવે ત્યારે ઘરની જે સ્થિતિ હોય એ સ્થિતિમાં જ રહેવા દેવી. કોઈ વસ્તુ આઘીપાછી ન કરવી જેમ કે પાણીની બાલ્ટી, ગ્લાસ આદિ આઘોપાછો ન કરવો, લાઈટ પંખા ચાલુ હોય તો બંધ ન કરવાં વચમાં પડેલ પાણીને સાફ ન કરવું. એના પર કપડા વગેરે ન નાંખવાં. મહારાજને જ્યાં પગ મુકવા જેવું લાગશે ત્યાં પગ મુકીને આવશે. મહારાજના નિમિત્તે કોઈ જીવને પીડા ન પહોંચાડવી.

એક ગામમાં ત્રણ ચાર ઘર છે. મહારાજ ગામમાં પધાર્યા છે. એ સમયમાં શ્રાવકનું કર્તવ્ય છે કે એણે પટેલ, ચૌધરી આદિના ઘરોમાં સાથે જઈને નિર્દોષ ગોચરી મેળવવામાં સહાય કરવી. નિર્દોષ ગોચરીનું સાધન ન હોય તો ઓછામાં ઓછો દોષ લાગે એમ પૂર્ણભાવથી ભકિત કરવી એ શ્રાવકની ફરજ છે. એમ જ ગ્લાનાવસ્થામાં દુર્ભિક્ષાવસ્થામાં વિકટમાર્ગમાં ભકિત કરવી એ એનું કર્તવ્ય છે. નિષ્કારણ દોષિત આહારથી ભકિત કરવી એ દોષનું કારણ છે.

મુનિ ભગવંતોની પાસે દોરાધાગા કરાવીને, દુકાન, ઘર, ચુલ્હા આદિના મુહૂર્તો કઢાવરાવીને એમની સારા સારા સ્વાદિષ્ટ આહારથી ભકિત કરવી એ તો અત્યંત અહિતકારી અને અશુભ કર્મબંધનું કારણ છે. આ મહારાજ મારા ગામનાં છે. મારા ગચ્છના છે, મારા સંબંધિ છે એવા ભાવથી આહાર વહોરાવવો એ પણ દોષનું કારણ છે. કેવળ આ જિનશાસનના પંચમહાવ્રતધારી કંચન કામિનીના ત્યાગી મુનિભગવંતો છે એમને આહાર વહોરાવવાથી મારામાં સાધુ બનવાના ભાવો જાગશે એ ભાવથી વહોરાવવું એ જ લાભનું કારણ છે.

મહારાજ આપ આગળ જઇને આવો એટલામાં હું દૂધ,

ચાય બનાવી રાખું છું. એમ કહેવું એ દોષનું કારણ છે. આટો ગુંદેલો પડયો હતો ગલીમાં મહારાજ આવ્યા સાંભળીને ગેસ ચાલુ કરી રોટલી બનાવવી દોષનું કારણ છે. અભક્ષ્ય પદાર્થો શ્રાવકે ખાવાજ ન જોઈએ તો પછી સાધુઓને વહોરાવવું એ કેટલાં દોષનું કારણ હશે. એ તો પોતેજ સમજી લેવું. બજારમાંથી ફળો સાધુઓ માટે જ લાવીને અથવા પોતા માટે લાવ્યા હોય અને સાધુને વહોરાવવા માટે સમારીને વહોરાવવા એ વિશેષ જીવહિંસાનું અને દોષનું કારણ છે અને એમાં પણ કયારેક વહોરાવવાની ઉતાવળમાં કે વહોરાવીને ગાડી પકડવાની ઉતાવળ માં ૪૮ મિનિટ પૂર્વ પણ વહોરાવી દેવાય છે તે અત્યંત અહિતકર છે. ઘરમાં જે વસ્તુ બની હોય એ વસ્તુનું નામ લઈને ઉપાશ્રયમાં ગુરુમહારાજને ન કહેવાય જેમ કે મહારાજ મારા ઘરે રસ છે. લાડુ છે. વહોરવા પધારો. એમ કહે તો દોષનું કારણ છે.

ગામમાં વૃદ્ધ ગ્લાન, અશકત સાધુ સાધ્વી છે તો તેમની બની શકે ત્યાં સુધો પરિપૂર્ણ નિર્દોષ આહાર પાણીથી ભકિત કરવી જોઈએ. શાસ્ત્રોકત સકારણમાં સદોષ આહારથી પણ ભકિત કરવાનું અમાપ ફળ બતાવ્યું છે. ગ્લાનની સેવાનું મહત્વ જિનશાસનમાં વિશેષ પ્રમાણમાં દર્શાવેલ છે. એમાં પ્રમાદ કરનાર અશુભ કર્મ બાંધે છે. એમ જ નિષ્કારણ દોષિત આહાર વહોરાવે તો દોષનું કારણ બને છે.

ઘરમાં એમ.સી. વાળી બાઈએ કોઈ પદાર્થને અડવું ન જોઈએ. અડવાથી મહારાજ ગોચરી આવ્યા હોય ત્યારે એમ કહેવું પડે છે કે "મહારાજ અમારે ત્યાં આપ ન પધારી શકો અમે વહોરાવવાની સ્થિતિમાં નથી" આતો લક્ષ્મી ઘરમાં આવતી હોય અને ગૃહસ્થ એને કહે કે તમે મારા ઘરમાં ન આવી શકો અમે તમારું સ્વાગત કરવાની સ્થિતિમાં નથી" આના જેવું થાય છે. માટે એમ સી. વાળી બાઈ કોઈ પદાર્થને ન અડે એનું ધ્યાન રાખવું. સુવાવડવાળી બાઈ કોઈ પદાર્થને ન અડે એનું ધ્યાન રાખવું સુવાવડવાળી બાઈએ પણ જેટલાં દિવસ સુધી પદાર્થને

અડવાનો નિષેધ છે તેટલાં દિવસ સુધી પદાર્થોને ન અડવું જેથી મહારાજને વહોરાવવામાં અંતરાય ન પડે.

શ્રાવકના ઘરમાં જે પદાર્થ બને એ પદાર્થ જિનમંદિરમાં મુકીને પછી જ વાપરવો જોઈએ. એમાં પણ મિષ્ટાન્ન અને ફળ તો દેરાસરમાં મુકયા પછી જ વાપરવાની રીત અપનાવવી જોઈએ. પછી યોગ હોય તો મહારાજસાહબને વહોરાવીને પછી વાપરવી જોઈએ. પોતાના ઘરમાં સાધુઓના ઉપકરણો એક કબાટમાં અવશ્ય રાખવા જોઈએ. એમના રોજ સવારના દર્શન કરીને એ ભાવના ભાવવી જોઈએ કે હું કયારે સાધુ બનીને આ ઉપકરણોનો ઉપભોગ કરનારો બનું.

નવદશ વર્ષના બાળક બાળિકાએ ઘરમાં કોઈ ન હોય ત્યારે પધારેલ મહારાજને ભાવપૂર્વક કોઈ આહાર વધારે પ્રમાણમાં વહોરાવી દીધો હોય તો એના પર કયારેય આક્રોશ ન કરતાં એની ભાવનાને પ્રોત્સાહન જ આપશો કે જેથી એની ભાવના વધે, ઘટે નહી.

બહાર ગામ મુનિ ભગવંતોના દર્શન વંદન માટે જનારા ભવ્યાત્માઓએ એમને વહોરાવવા માટે કોઈ વસ્તુ ન લઈ જવી જોઈએ. એમાં દોષનું કારણ છે. સાંજના મહારાજ મારા ઘેરથી પાછા ગયા હતા હવે આજે વહેલી રસોઈ કરુ મને લાભ મળ શે. એમ કરીને વહેલી રસોઈ ન બનાવવી. કયારેક એવું બને છે કે મહારાજ માટે વહેલી રસોઈ બનાવી કે અમુક નવી વસ્તુ બનાવી અને મહારાજ કોઈ કારણસર ગોચરી ન આવ્યા એ વસ્તુ પડી રહી ત્યારે પસ્તાવો થાય છે કે કયાં આટલી વસ્તુ બનાવી દીધી. મહારાજ આવ્યા જ નહી. ત્રણ ત્રણ દિવસથી મહારાજ માટે વહેલી રસોઈ બનાવું છું પણ મહારાજ તો આવતાં જ નથી. એમ મહારાજ ઉપર કયારેક અભાવ આવી જાય છે. એ માટે સાધુઓ માટે કોઈ વસ્તુ બનાવવી જ નહી એમાં જ લાભ છે.

| | | | |
|---|---|---|---|
| ३१. | समाधान की राह पर | हिन्दी | श्रावकोपयोगी प्रश्नोत्तर |
| ३२. | समाधान की रश्मियाँ | हिन्दी | श्रावकोप्रश्नोत्तर |
| ३३. | समाधान की ज्योत | हिन्दी | साध्वाचारोपयोगी प्रश्नोत्तर |
| ३४. | स्नात्र पूज श्री विरविजय कृत | | संपादित |
| ३५. | स्वयंवर मंडप बना दीक्षा मंडप | हिन्दी | कहानियाँ |
| ३६. | सम्यग्दर्शन | हिन्दी | विवेचन |
| ३७. | नमस्कार महामंत्र | हिन्दी | विवेचन |
| ३८. | साधु प्रतिक्रमण सार्थ | हिन्दी | संपादित |
| ३९. | मुक्ति महल का राजमार्ग | हिन्दी | दान, शील, तप, भाव पर विवेचन |
| ४०. | श्री दशवैकालिक सार्थ | हिन्दी | |
| ४१. | श्री गच्छाचार पयन्ना | श्री राजेन्द्रसूरि सुकृत | संपादित |
| ४२. | काम व मोह विजेता | हिन्दी | चिंतन |
| ४३. | प्राथमिक ज्ञान माला | हिन्दी | बालोपयोगी |
| ४४. | श्रमणो पासक | हिन्दी | व्रत स्वरुप |
| ४५. | साधान की किरणें | हिन्दी | साध्वाचार प्रश्नोत्तरी |
| ४६. | श्री द्वादशचक्री चारित्र | संस्कृत | संकलन |
| ४७. | वाचक यश वाणी | हिन्दी | स्तवन |
| ४८. | भवचक्रकी विचित्रता | हिन्दी | कहानियाँ |
| ४९. | नवपद देववंदन विधि | हिन्दी | संपादित |
| ५०. | श्री चम्पकमाला चरित्र भाषांतर | हिन्दी | संपादित |
| ५१. | तीर्थयात्रा | हिन्दी | कहानी |
| ५२. | विडंबनादायक विधवा विवाह | हिन्दी | निबंध |
| ५३. | दिशादर्शक | हिन्दी | प्रश्नोत्तरी |
| ५४. | अरिहंतने ओळखो | गुजराती | चिंतन |
| ५५. | परमार्थ पच्चीशीओ | गुजराती | दोहा |
| ५६. | वहोराववानी विधि | गुजराती | |
| ५७. | आझादी से संयमरक्षा | हिन्दी | कहानियाँ |
| ५८. | षडावस्यक प्रश्नोत्तरी भाग-१ | हिन्दी | |
| ५९. | क्षमामूर्ति | हिन्दी | कहानी |
| ६०. | शिवकुमार | हिन्दी | कहानी |
| ६१. | रत्नाकर पच्चीशी | हिन्दी | संपादित |
| ६२. | समाधान प्रदीप | संपादित | |
| ६३ | स्त्री स्वातंत्र्य | गुजराती | संपादित |

| | | | |
|---|---|---|---|
| ६४. | लावण्य कोमल स्वाध्याय सुधा भाग ५ हिन्दी | | |
| ६५. | श्री पार्श्वनाथ स्तवनावली | हिन्दी | |
| ६६. | प्रगतिनुं प्रथम पगथियुं | गुजराती | |
| ६७. | चलो चले अंधकार से प्रकाश की ओर | | हिन्दी |
| ६८. | चलो जोईए अंधकार क्यां, प्रकाश क्यां | | गुजराती |
| ६९. | गर्भपात | गुजराती | संपादित |
| ७०. | बंधनमुक्ति | गुजराती | विवेचन |
| ७१. | आधुनिकता के चाहक सोचे विचारे | | हिन्दी संपादन |
| ७२. | भक्तामर स्तोत्र कथा सहित | गुजराती | संपादित |
| ७३. | पंच प्रतिक्रमण विधि सहित | हिन्दी संपादन | |
| ७४. | तपाराधना | गुजराती | संपादित |
| ७५. | सामायिक चैत्य वंदनादि सूत्रार्थ सहित | | गुजराती |
| ७६. | चैत्री पूर्णिमा विधि | हिन्दी | संपादित |
| ७७. | धनंजय नाममाला | हिन्दी | |
| ७८. | एक सौ आठ महाभिषेक | हिन्दी | |
| ७९. | समाधान प्रकाश | हिन्दी | प्रश्नोत्तरी |
| ८०. | सिन्दूर प्रकर | गुजराती | विवेचन |
| ८१. | श्रमण जीवन | गुजराती | विवेचन |
| ८२. | चालो विचारीए आपणे क्यां ? | गुजराती | संपादित |
| ८३. | श्री राजेन्द्र सूरि वचनामृत | हिन्दी | संपादित |

पुस्तक प्राप्ति हेतु प्रति पुस्तक एक रुपये का स्टेम्प निम्न पते पर भेजने से स्टाक में होगी तो भेजी जाएगी । साधु-साध्वीओं को सभी पुस्तके भेट भेजी जायेगी. (नं. ३८, ४०, ४१ नहीं)

१. **शा. देवीचंद छगनलाल**
सदर बाजार, भीनमाल(राज.) ३४३ ०२९

२. **शास्वत धर्म कार्यालय**
जासली नाका, थाने(महाराष्ट्र) ४०० ६०९

३. **शा. वच्छराज भंसाली**
धाणसा(राज.) ३४३ ०२३